	આવ્યા તારીખ	૨૭/૦૫/૨૦૧૪
	દાખલ તારીખ	૨૭/૦૫/૨૦૧૪
	ફેસલ તારીખ સમયગાળો	૦૮/૮/૨૦૨૨ દી. માસ. વર્ષ

અમદાવાદના મે. એડિ. ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબર ૨૮માં , મું.અમદાવાદ

ક્રિમીનલ કેસ નં:૯૭૨/૨૦૧૪

આંક:

ફરિયાદી:– પ્રમોદકુમાર સીતારામ વિશ્વકર્મા
ઉ.વ. ૩૨, ધંધો– સુથારીકામ
રહે– ૭૩–૩, ચતુરભાઈની ચાલી, નવા મદ્રાસી મંદીરની સામે, મોદીનગરની બાજુમાં, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ.

વિરુદ્ધ

આરોપી :– મનોજકુમાર જીવણલાલ ઓઝા
ઉ.વ. ૫૦, ધંધો– વેપાર
રહેઃ–મહાકાળીનગર, રંગોલીનગરની બાજુમાં, ઓ. સી. પટેલ પ્રાથમીક શાળા, એકલવ્ય પ્રાથમીક વિદ્યાલયની બાજુમાં, ડો. તોમરનાં મકાનમાં, રંગોલીનગર, નારોલ, અમદાવાદ.

<u>ગુનો: નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ</u>

ફરીયાદપક્ષ તર્ફે:વિ.વ.શ્રી. એમ. આર. પંડ્યા

આરોપીપક્ષ તર્ફે:વિ.વ.શ્રી. નેમીચંદ રાકા

-:ચુકાદો:-

(૧) ફરિયાદીનાં ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરિયાદી છુટક કામ કરી પોતાનો ધંધો ચલાવે છે. આ કામનાં ફરિયાદી આરોપીનાં મિત્ર થતાં હોય, આરોપી ફરિયાદી પાસે નાણાંની માંગણી કરતાં, ફરિયાદીએ આરોપીને રૂ০ ૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા હાથઉછીનાં આપેલ. આ કામનાં ફરિયાદીએ આરોપી પાસે પોતાની કાયદેસરની બાકી લેણી રકમની ઉઘરાણી કરતાં, આ કામનાં આરોપીએ ફરિયાદીને ઇન્ડીયન ઓવરસીઝ બેંક, રેલ્વે પુરા, અમદાવાદ નો તા. ૧૭/૪/૨૦૧૪ નો ચેક નં. ૪૬૪૦૯૧ નો રૂ০ ૧૪,૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) નો આપેલો. સદર ચેક આપતી વખતે આરોપીએ જણાવેલ કે, સદર ચેક બેંકમાં રજુ કરશો ત્યારે બાકી રહેતી લેણી રકમ ફરીયાદીનાં ખાતામાં જમા થઇ જશે. સદર ચેક આ કામનાં ફરિયાદીએ પોતાનું ખાતુ ધરાવતી દેના બેંક, અમરાઇવાડી શાખા, અમદાવાદ ખાતે તા. ૧૭/૪/૨૦૧૪ ના રોજ ક્લિયરિંગ માટે જમા કરાવતાં મજકુર ચેક તા. ૧૯/૪/૨૦૧૪ ના રોજ "ફંડ ઇનસફીસીયન્ટ" ના શેરાથી સ્વીકાર્યા વગર પરત થયેલ. તે અંગેનાં ચેક રિટર્ન મેમાથી ફરિયાદીને જાણ થયેલ. જેથી, ફરીયાદીએ પોતાના વિ. વકીલશ્રી મારફતે તા.૯/૫/૨૦૧૪ ના રોજ આરોપીને કાયદાનુસારની ચેક રીટર્ન થયાની જાણ કરતી નોટીસ આપેલ. સદર નોટીસ આરોપીને વગર બજ્યે તા. ૧૦/૫/૨૦૧૪ ના રોજ "નોટ નોન" ના શેરા સાથે પરત આવેલ. આમ, આરોપીએ ફરિયાદીની કાયેદસરની લેણી રકમ ચુકવી આપેલ નહીં જેથી, ફરીયાદીએ નેગોશિએબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટ-૧૮૮૧ની કલમ-૧૩૮ અન્વયે હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) હાલની ફરીયાદ દાખલ થતા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૦૦ મુજબ ફરીયાદીનું વેરિફીકેશન નોંધી, આરોપી સામેના ગુન્હાનું સંજ્ઞાન લઈ, ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૦૪ મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનો સમન્સ કરવામાં આવેલ હતો. પરંતુ આરોપી હાજર ન થતા ફરીયાદીએ આરોપી સામે પકડ વોરંટ ઈશ્યુ કરવા અરજી આપેલ જે ન્યાયના હિતમાં મંજુર કરી આરોપી સામે પકડ વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ અને જેના અનુસંધાને આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ અને તેના સાધનિક કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયેલ છે તેની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક– ૬ થી પ્લી નોંધતા, તેણે તેની સામેનો આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલ હતો. જેથી, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી સંહિતાની કલમ–૨૭૩ મુજબ આરોપીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર લાવવામાં આવેલ છે.

–:મૌખિક પુરાવો–

સા.નં	નામ	આંક
૧	ફરીયાદી શ્રી પ્રમોદકુમાર સીતારામ વિશ્વકર્માનાઓનું સરતપાસનું સોગંદનામું	3

-:દસ્તાવેજી પુરાવો:-

અ.નં	વિગત	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૪૬૪૦૯૧ અસલ	૬
૨	ચેક નં. ૪૬૪૦૯૧ નો અસલ રીટર્ન મેમો	૭
૩	આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત	૮
૪	નોટીસ રજી. એડી. કર્યાં અંગેની અસલ પહોંચ	૯
૫	વગર બજે પરત આવેલ નોટીસ	૧૦

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૪) આ કામે રેકર્ડ જોતા આરોપી વિરુધ્ધ વોરન્ટ ઈસ્યુ કરવા છતા આજદીન સુધી આરોપીની હાજરી મળી આવેલ ન હોવાથી આ કેસમા આરોપીની ગેરહાજરીને કારણે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળ, આરોપીનું એફ.એસ. નોંધી શકાયેલ નથી. આ કામનાં આરોપી ફરિયાદીની ઉલટતપાસ લેવાયા બાદ કોર્ટમાં સતત ગેરહાજર રહેલ છે. હાલનો કેસ પાંચ વર્ષ ઉપરાંતથી વધુ જુનો હોય, આરોપીની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદી તરફે વિ.વ.શ્રીનાઓની મૌખિક દલીલો સાંભળી. આ કામે આરોપી જાતે કે તેમના વિ.વ.શ્રી. મારફતે કોર્ટમા હાજર રહેલ નથી કે કોઈ રજુઆત કરવામા આવેલ નથી. સમગ્ર કેસ રેકર્ડ વંચાણે લેવામા આવેલ છે.

(૬) **<u>-:મુદ્દા:-</u>**

મુદ્દા નં.૧, શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આંક- ૬ વાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે ?

મુદ્દા નં.ર. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે , આરોપીએ ધી નેગોશિએબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૩. શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાના જવાબો તથા કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧:– હકારમાં
મુદ્દા નં. ૨:– હકારમાં
મુદ્દા નં. ૩:–આખરી હુકમ મુજબ

નિર્ણય માટેનાં કારણો

મુદ્દા નં ૧ અને ૨:–

(૮) આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. જેથી, આ કામે ફરિયાદપક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં આરોપી વિરૂધ્ધ આક્ષોપિત નેંગોશીએબલ ઈન્સ્ટ્રુમેંન્ટ ઍક્ટની કલમ–૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ને ધ્યાને લેતાં,

કલમ:–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વિકાર:

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે,કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચૂકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની

જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે,

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય.

(બી) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક,જેમ હોય તેમ,તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસોની અંદર' તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માગણી કરે નહી અને

(સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ,ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યા સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

<u>સ્પષ્ટીકરણ:-</u> આ કલમના હેતુ માટે '' દેવુ અથવા અન્ય જવાબદારી' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>કલમ:-૧૪૨ : ગુનાની નોધ લેવા બાબતે :</u>

સને ૧૯૭૩ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતામાં ગમે તે સમાવેશ થતો હોય તેમ છતાં (૧) ચેકના ધારણકર્તાની તરફેણમાં ચૂકવણી થાય છે તેવી વ્યકિતની લેખિત ફરીયાદ વગર આ કાયદાની કલમ-૧૩૮ અન્વયે સજાપાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહી. (૨) આ કાયદાની કલમ-૧૩૮ (૩) હેઠળ ઉત્પન્ન

થતા ફરીયાદના કારણથી એક મહીનામાં આવી ફરીયાદ ન્યાયાલયમાં કરવામાં આવી હોય.પરંતુ ''જોગવાઈ કરવામાં આવી છે કે ફરીયાદની નોધ અદાલત દ્બારા નકકી કરેલ સમય પછી પણ લઈ શકાશે, જો ફરીયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરીયાદ ન કરવા માટે તેને પુરતુ કારણ હતુ.'' (૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ દરજજાની સિવાયની કોઈપણ અદાલત પગલા લઈ શકશે નહી. (૪) પરત થયેલ ચેક માટે એકજ વખત ગુનાનું કોગ્નિજન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યાર ઉપર ફરીયાદ કરી શકાય અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામુ આપનાર સામે ફરીયાદ થઈ શકે.

(૮.૧) **આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩: ચેક લખ્યા તારીખથી ત્રણ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ

નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત વ્યાખ્યાનાં તત્વો સાબિત થયા બાદ આ કામનાં આરોપી વિરૂધ્ધ કલમ–૧૩૯ અન્વયે અનુમાનની સંભાવના કાયદા દ્વારા પ્રસ્થાપિત કરેલ છે. જે સંદર્ભે કલમ–૧૩૯ નું પ્રાવધાન જોવામાં આવે, તો–

139. **Presumption in favour of holder**.—It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

આમ, કલમ–૧૩૯ અન્વયે જયારે જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહિ, ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે, કે ચેકનાં ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈ પણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી અથવા અંશત: ચૂકવણી માટે મેળવ્યો હતો.

આ તબક્કે કલમ–૨૦ ની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે, તો–

20. **Inchoate stamped instruments.**—Where one person signs and delivers to another a paper stamped in accordance with the law relating to negotiable instruments then in force in 1[India], and either wholly blank or having written thereon an incomplete negotiable instrument, he thereby gives prima facie

authority to the holder thereof to make or complete, as the case may be, upon it a negotiable instrument, for any amount specified therein and not exceeding the amount covered by the stamp. The person so signing shall be liable upon such instrument, in the capacity in which he signed the same, to any holder in due course for such amount; provided that no person other than a holder in due course shall recover from the person delivering the instrument anything in excess of the amount intended by him to be paid thereunder.

આમ, કલમ–૨૦ અનુસાર જયારે કોઈ વ્યક્તિએ સહી કરીને કોઈ પણ ખત આપેલ હોય, ત્યારે તે ખત વટાવવાની યથાનુક્રમે ધારકને જવાબદારી મળેલ છે અને તે સહી કરેલો ચેક વટાવી શકવા માટે અધિકાર પ્રાપ્ત થાય છે. આ તબક્કે કલમ–૧૧૮ નાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયેનાં જે અનુમાનો છે, તે સંદર્ભેની જોગવાઈ જોવામાં આવે, તો–

118.**Presumptions as to negotiable instruments**. Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration**. that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date**.that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.**that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.**that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements**. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.**that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.**that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

આમ, ઉપરોકત જોગવાઈ અનુસાર કોઈ પણ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ સંદર્ભે, અવેજ વિશે, તારીખ વિશે, સ્વીકારવાનાં સમય વિશે, તબદીલીના સમય વિશે, શેરાઓનાં ક્રમ વિશે, સ્ટેમ્પ વિશે તથા ધારક યથાક્રમે ધારક છે, એમ માની લેવા વિશેની જોગવાઈ કરવામાં આવેલી છે. આમ, ઉપરોક્ત

કલમ- ૨૦, ૧૧૮ તથા ૧૩૯ નાં પ્રાવધાનોને જોતાં, જયાં સુધી વિરુદ્ધનું સાબિત ન થાય, ત્યાં સુધી ધારક સંદર્ભેનાં અનુમાનોની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૯) ઉપરોકત જોગવાઈઓ સાથે કલમ-૧૩૮ ની જોગવાઈઓ સાથે પુરાવાને મૂલવવામાં આવે, તો જયારે કોઈ પણ વ્યકિતએ સમગ્ર કે અંશત: દેવાની જવાબદારીઓ અદા કરવા માટે પોતે નિભાવતો હોય, તે ખાતાનો ચૅક બીજી વ્યક્તિને નાણાંની ચૂકવણી માટે આપે, ત્યારે કલમ-૧૩૮ ની જોગવાઈ લાગૂ પડી શકે અને તે સંદર્ભે તે ચૅક સમય-મર્યાદામાં બૅન્કમાં રજૂ કરવાનો રહે છે તથા ચૅક ભરપાઈ થયા વગર પરત ફરે અને બૅન્ક પાસેથી તેની માહિતી મળે, તેનાં ૩૦ (ત્રીસ) દિવસની અંદર નૉટિસ આપવાની રહે છે અને તે નૉટિસ મળ્યાથી ૧૫ (પંદર) દિવસની અંદર, ચૅક લખનાર ચૅકનાં નાણાં લેનારને જો ચૂકવવામાં નિષ્ફળ જાય, તો કાયદાનું કોગ્નીઝન્સ લઈ શકાય અને કલમ-૧૩૮નો ગુનો બની શકે. જે સંદર્ભે રૅકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૩ થી સર તપાસ નું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં ફરિયાદની હકીકતને વળગી રહેલ છે. ફરિયાદની હકીકતનું ઉપરોક્ત વર્ણન કરવામાં આવેલ હોય, અત્રે સદર હકીકતોને ફરીથી દોહરાવવામાં આવેલ નથી. હાલના કેસમાં રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આંક ૬ થી અસલ ચેક, આંક ૭ થી અસલ રીટર્ન મેમો તથા આંક ૮ થી ડિમાન્ડ નોટિસની સ્થળપ્રત રજુ કરેલ છે. આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા સર તપાસના સોગંદનામા જણાવ્યા મુજબ આ કામનાં ફરિયાદી છુટક કામ કરી પોતાનો ધંધો ચલાવે છે. આ કામનાં ફરિયાદી આરોપીનાં મિત્ર થતાં હોય, આરોપી ફરિયાદી પાસે નાણાંની માંગણી

કરતાં, ફરિયાદીએ આરોપીને રૂ૦ ૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા હાથઉછીનાં આપેલ. આ કામનાં ફરિયાદીએ આરોપી પાસે પોતાની કાયદેસરની બાકી લેણી રકમની ઉઘરાણી કરતાં, આ કામનાં આરોપીએ ફરિયાદીને ઇન્ડીયન ઓવરસીઝ બેંક, રેલ્વે પુરા, અમદાવાદ નો તા. ૧૭/૪/૨૦૧૪ નો ચેક નં. ૪૬૪૦૯૧ નો રૂ૦ ૧૪,૦૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) નો આપેલો. સદર ચેક આપતી વખતે આરોપીએ જણાવેલ કે, સદર ચેક બેંકમાં રજુ કરશો ત્યારે બાકી રહેતી લેણી રકમ ફરીયાદીનાં ખાતામાં જમા થઇ જશે. સદર ચેક આ કામનાં ફરિયાદીએ પોતાનું ખાતુ ધરાવતી દેના બેંક, અમરાઇવાડી શાખા, અમદાવાદ ખાતે તા. ૧૭/૪/૨૦૧૪ ના રોજ કિલયરિંગ માટે જમા કરાવતાં મજકુર ચેક તા. ૧૯/૪/૨૦૧૪ ના રોજ "ફંડ ઇનસફીસીયન્ટ" ના શેરાથી સ્વીકાર્યા વગર પરત થયેલ. તે અંગેનાં ચેક રિટર્ન મેમાથી ફરિયાદીને જાણ થયેલ. જેથી, ફરીયાદીએ પોતાના વિ. વકીલશ્રી મારફતે તા.૯/૫/૨૦૧૪ ના રોજ આરોપીને કાયદાનુસારની ચેક રીટર્ન થયાની જાણ કરતી નોટીસ આપેલ. સદર નોટીસ આરોપીને વગર બજ્યે તા. ૧૦/૫/૨૦૧૪ ના રોજ "નોટ નોન" ના શેરા સાથે પરત આવેલ. આમ, આરોપીએ ફરિયાદીની કાયેદસરની લેણી રકમ ચુકવી આપેલ નહીં જેથી, ફરીયાદીએ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૮૮૧ની કલમ-૧૩૮ અન્વયે હાલની ફરીયાદ તા. ૨૭/૫/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ છે. આમ, ફરિયાદીએ નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ મુજબ ચેક બેંકમા રજુ કરવાથી લઈને ફરીયાદ દાખલ કરેલ ત્યા સુધીની તમામ કાયદાકીય જોગવાઈઓનુ પાલન કરવામા આવેલ છે તેમજ હાલની ફરિયાદમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની

કલમ ૧૩૮ તથા ૧૪૨ અન્વયે સ્ટેચ્યુટરી જોગવાઈઓનું પાલન થયેલ છે તેમજ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ "Execution of Cheque" પુરવાર કરેલ છે.

હવે એ નક્કી કરવાનું રહે છે કે, આ કામનાં આરોપી એક્ટ – ૧૮૮૧ની કલમ ૧૩૯ હેઠળનાં ફરિયાદીની તરફેણનાં અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ છે કે કેમ?

(૧૦) આ કામે બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ થકી એવો બચાવ લીધેલ છે કે," *ફરિયાદીએ આરોપીને નાણા ક્યારે કોની હાજરીમાં આપેલ તેવું જણાવેલ નથી કે તે અંગેનું કોઈ લખાણ રજુ કરેલ નથી.* "

પરંતું, બચાવપક્ષે આ કામે ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં, ફરિયાદી અને આરોપી વચ્ચે કૌટુંબિક સંબંધો હોવાનું રેકર્ડ પર આવેલ છે તેમજ ફરિયાદવાળો વ્યવહાર ટુકડે ટુકડે હાથઉછીનાં આરોપીને આપેલ હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે. આમ, બચાવપક્ષ તરફે ફરિયાદીની ઉલટતપાસ થકી અથવા તો પુરાવા રજુ એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે જેથી ફરિયાદી અને આરોપી વચ્ચે નાણાંકીય વ્યવહાર થયેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર સાબિત થાય. વધુમાં, નેગોશિએબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ અનુસાર જયારે કોઈ વ્યક્તિએ સહી કરીને કોઈ પણ ચેક આપેલ હોય, ત્યારે તે ચેક વટાવવાની યથાનુક્રમે ધારકને જવાબદારી મળેલ છે અને તે સહી કરેલો ચૅક વટાવી શકવા માટે અધિકાર પ્રાપ્ત થાય છે. આમ, ફરિયાદી અને આરોપી વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ ન હોવાની હકીકત અને ફરિયાદીએ નાણાં ક્યારે, કોની હાજરીમાં, કઇ તારીખે આપેલ તે હકીકત પુરવાર કરવાનો

સાબિતિનો બોજો ફરિયાદપક્ષનાં શિરે શિફ્ટ થતો નથી. જેથી, બચાવપક્ષની સદરહું દલીલ ટકી શકે તેમ નથી.

(૧૧) આ કામે બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ થકી એવો બચાવ લીધેલ છે કે, *" ફરિયાદવાળી નોટીસ આરોપીને મળેલ નથી. "*

આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટનાં C. C. Alavi Haji v/s Palapetty Muhammed નાં ચુકાદાનાં પેરા ૧૫ અને ૧૬ને અત્રે રિપ્રોડ્યુસ કરવો જરૂરી જણાય છે.

> 15. Insofar as the question of disclosure of necessary particulars with regard to the issue of notice in terms of proviso (b) of Section 138 of the Act, in order to enable the Court to draw presumption or inference either under Section 27 of the G.C. Act or Section 114 of the Evidence Act, is concerned, there is no material difference between the two provisions. In our opinion, therefore, when the notice is sent by registered post by correctly addressing the drawer of the cheque, the mandatory requirement of issue of notice in terms of Clause (b) of proviso to Section 138 of the Act stands complied with. It is needless to emphasise that the complaint must contain basic facts regarding the mode and manner of the issuance of notice to the drawer of the cheque. It is well settled that at the time of taking cognizance of the complaint under Section 138 of the Act, the Court is required to be prima facie satisfied that a case under the said Section is made out and the aforenoted mandatory statutory procedural requirements have been complied with. It is then for the drawer

to rebut the presumption about the service of notice and show that he had no knowledge that the notice was brought to his address or that the address mentioned on the cover was incorrect or that the letter was never tendered or that the report of the postman was incorrect. In our opinion, this interpretation of the provision would effectuate the object and purpose for which proviso to Section 138 was enacted, namely, to avoid unnecessary hardship to an honest drawer of a cheque and to provide him an opportunity to make amends.

16. As noticed above, the entire purpose of requiring a notice is to give an opportunity to the drawer to pay the cheque amount within 15 days of service of notice and thereby free himself from the penal consequences of Section 138. In Vinod Shivappa (supra), this Court observed: One can also conceive of cases where a well intentioned drawer may have inadvertently missed to make necessary arrangements for reasons beyond his control, even though he genuinely intended to honour the cheque drawn by him. The law treats such lapses induced by inadvertence or negligence to be pardonable, provided the drawer after notice makes amends and pays the amount within the prescribed period. It is for this reason that Clause (c) of proviso to Section 138 provides that the section shall not apply unless the drawer of the cheque fails to make the payment within 15 days of the receipt of the said notice. To repeat, the proviso is meant to protect honest drawers whose cheques may have been dishonoured for the fault of others, or who may have genuinely wanted to fulfil

their promise but on account of inadvertence or negligence failed to make necessary arrangements for the payment of the cheque. The proviso is not meant to protect unscrupulous drawers who never intended to honour the cheques issued by them, it being a part of their modus operandi to cheat unsuspecting persons.

ઉપરોક્ત કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતાં, એક્ટ–૧૮૮૧ની કલમ ૧૩૮(બી) હેઠળની સ્ટેચ્યુટરી નોટિસ મળેલ નથી તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીનાં શીરે રહેલ છે. આંક ૬ થી રજુ પ્લી રેકર્ડ કરતી વખતે આરોપીએ પોતાનું એડ્રેસ જે દર્શાવેલ છે તે સરનામે નોટીસ મોકલવામાં આવેલ નથી પરંતું, આ કામે આરોપીએ નોટીસમાં જણાવેલ સરનામું એ આરોપીનું સાચુ સરનામું નથી એવુ માનવાને કારણ ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પુરાવા થકી ઉપસ્થિત કરેલ નથી. જેથી નોટીસમાં રહેલ સરનામુ આરોપીનું નથી તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીનાં શીરે રહેલી છે. નોટિસ તથા આંક ૧૦થી રજૂ કવર ઉપર જણાવેલ સરનામું એ આરોપીનું સાચું સરનામું નથી તેવું માનવાને કારણ ઉપસ્થિત થાય તેવી હકીકત ફરિયાદીની ઉલટતપાસ થકી અથવા તો પુરાવા થકી બચાવપક્ષ રેકર્ડ ઉપર રજૂ કરી શકેલ નથી. વળી, ચેકમાં આરોપીની સહી હોવા બાબતે બચાવપક્ષને કોઇ તકરાર નથી. જેથી, બચાવપક્ષની ઉપરોક્ત દલીલ ટકી શકે તેમ નથી.

(૧૨) આ કામે બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ થકી બચાવ લીધેલ છે કે," *ફરિયાદવાળો વ્યવહાર ઈન્કમટેક્ષ રીટર્નમાં દર્શાવેલ નથી* ."

પરંતું હાલનાં કેસમાં બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ થકી કે

વિશ્વસનીય સંભવિતતાનાં પ્રાબલ્ય થકી રેકર્ડ ઉપર એવી કોઇ હકીકત રજુ કરેલ નથી કે જેથી ફરિયાદીની ફાયનાન્સીયલ કેપેસીટી બાબતે શંકા ઉત્પન્ન કરી શકાય આ ઉપરાંત બચાવપક્ષ ફરિયાદીની ફાયનાન્સીયલ કેપેસીટી પુરવાર કરવાનો સાબિતિનો બોજો ફરિયાદપક્ષનાં શીરે શિફ્ટ કરવા કોઇ "પ્રોબેબલ ડિફેન્સ" રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. વધુમાં, ફરિયાદવાળો વ્યવહાર ઇન્કમટેક્ષ રિટર્નમાં દર્શાવેલ નથી એટલા માત્રથી ફરિયાદપક્ષનો કેસ ફેટલ થઇ જતો નથી. ઇન્કમટેક્ષ એક્ટ હેઠળ જો કોઇ ગુનો કરવામાં આવે તો, તે કાયદાનાં પ્રબંધો હેઠળ તેની વિરુદ્ધ પગલાં લઇ શકાય પરંતું ઇન્કમટેક્ષ રિટર્નમાં વ્યવહાર દર્શાવેલ નથી તેવાં એકમાત્ર ગ્રાઉન્ડને કારણે ફરિયાદપક્ષનો કેસ ફેટલ થઇ જતો નથી. વધુમાં, ફરિયાદવાળો વ્યવહાર હાથઉછીનાં નાણાંને લગતો છે. ફરિયાદી અને આરોપી વચ્ચે એવાં ધંધાકીય કોઇ ટ્રાન્ઝેકશન નથી કે જેથી "બુક્સ ઓફ એકાઉન્ટ" ની ગેરહાજરીમાં ફરિયાદીની કાયદેસરની લેણી રકમ બાબતે સંગિદ્ધતા અથવા તો શંકા ઉત્પન્ન થતી હોય. જેથી, એકાદ બે હાથઉછીના વ્યવહારની ચોપડે નોંધ કરવામાં આવેલ હોય અને તે રજુ કરવામાં આવેલ ન હોવા માત્રથી ફરિયાદપક્ષનો કેસ ફેટલ થઇ જતો નથી. જેથી, બચાવપક્ષની ઉપરોક્ત દલીલ ટકી શકે તેમ નથી.

(૧૩) હાલના કેસમાં ફરીયાદપક્ષે આંક- ૬ વાળો ચેક રજુ કરી આ ચેક આરોપીએ પોતે સહી કરી ત્યારે નાખી આપેલ હોવાની હકીકત આરોપીએ સ્વિકારેલ હોવા ઉપરાંત ફરીયાદીએ અન્ય પુરાવાથી પણ સાબિત કરેલ છે. વધુમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૬ ની જોગવાઈ જોતાં, આંક- ૬ થી રજુ થયેલ ઈન્સ્ટ્રુમેન્ટ ચેક છે અને આ એકટની કલમ-૬ ની વ્યાખ્યામાં કરવામાં આવેલ

સઘળી વિગત આંક– ૬ ના ઈન્સ્ટ્રુમેન્ટમાં આવી જાય છે. તે જ રીતે આ ઈન્સ્ટ્રુમેન્ટ હાલના આરોપીએ ફરીયાદી ધારકને ઈસ્યુ કરેલ છે અને તે ઈસ્યુ કરવા માટેનું કારણ હાલના ફરીયાદીએ આરોપીને જે નાણાં ઉછીનાં આપેલ હતાં તેની ચુકવણી માટે કરવામાં આવેલ હતું તે હકીકત ફરીયાદપક્ષે પુરાવાથી સાબિત કરેલ છે અને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૧૮(એ) મુજબ અત્રેની અદાલતે આ ચેક હાલના આરોપીએ કાયદેસરના અવેજ માટે કરી આપ્યું હતું અથવા લખી આપ્યું હતું તેવું અનુમાન કરેલ છે અને આ અનુમાનનું ખંડન થઈ શકે તેવો કોઈ પુરાવો બચાવપક્ષે રજુ કરેલ નથી. તે જ રીતે આ એકટની કલમ–૧૩૯ અન્વયેની જોગવાઈ જોતાં અત્રેની અદાલતે એવું પણ અનુમાન કરેલ છે કે, આ ચેકનાં નાણાં હાલના ફરીયાદીએ જે આરોપીને હાથ ઉછીના આપેલ હતા તે નાણાં વસુલ લેવા માટે તે હકકદાર હતા અને તે પેટે તેણે મેળવેલ આ ચેકનાં નાણાં તે વસુલ લેવા માટે પણ હકકદાર હતા.

(૧૪) આમ, આ કામે ફરીયાદપક્ષે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮(એ) અને ૧૩૯ ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેશ વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકકદાર છે તે અંગેના અનુમાનો વિરુદ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજુ કરેલ ન હોવાના કારણસર ફરીયાદપક્ષનો આ કેસ નિ:શંકપણે સાબિત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. વધુમાં આ કામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ માં અવાર–નવાર સમય સાથે કરવામાં આવેલ સુધારા વધારા સહિત આ એકટ પાછળનો હેતુ

નાણાંકીય વ્યવહારમાં થતી ગેરરીતિઓ અટકાવી આ ગેરરીતિઓ દ્વારા કોઈ વ્યકિત તેની નાણાંકીય જવાબદારીમાંથી છટકી ન જાય અને નાણાંકીય વ્યવહાર ડુબાડવાનો તેનો હેતુ પાર પાડી કોઈ ચેક આપે અને તે બાઉન્સ થાય ત્યારે બેંકો દ્વારા તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ દ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા ઘટી જાય છે. એટલે કે આવી વિશ્વસનીયતા ઘટી ન જાય તે માટે આ એકટ દ્વારા તાત્કાલીક ધોરણે આવા ડીફોલ્ટરને સજા કરવાનો છે. આ કેસમાં વિગતવાર ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આ કેસ આરોપી સામે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે

(૧૫) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીની હકીકત મુજબ આરોપી પાસે ફરીયાદીની કાયદેસરના લેણા અને જવાબદારી પેટેના હતા, તે હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ હોય તેમજ આરોપી તરફે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮,૧૧૮ મુજબનુ અનુમાન ખંડન કરવામા પુરવાર કરી શકેલા ન હોય જેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે તેવુ પુરવાર થતુ હોય તેથી મુદા નં.૧, ૨ નો જવાબ હકારમા આપી અને મુદા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

(૧૬) મુદ્દા નં.૩ પરત્વે

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૫(૨) હેઠળ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. અત્રે રેકર્ડ પરની હકીકતે આ કામના આરોપી અત્રેની અદાલતમાં સતત ગેરહાજર રહેલા હોય જેથી, નામદાર ગુજરાત હાઈકોર્ટના **શરદ જેઠાલાલ સાવલા વિરુધ્ધ સ્ટેટ**

ઓફ ગુજરાત અને બીજાઓ, જી.એલ.આર–૨૦૧૭(૩), પેજ નં.૨૩૫૩ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટ પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અનુસાર આરોપીની ગેરહાજરીમાં નીચે મુજબનો મુદ્દા નં.૩ પરત્વે આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપીને, ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુન્હા સબબ ૧ વર્ષની સાદી કેદની સજા તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(૧) અન્વયે આરોપીએ ફરીયાદીને રૂા. ૧૪,૦૦૦/– અંકે રુપિયા ચૌદ હજાર પુરા વળતર પેટે હુકમની તારીખથી બે માસમાં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી વળતરની રકમ ફરીયાદીને ચુકવી ના આપે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી ફરાર હોય આ કામના આરોપીને બીનજામીનલાયક વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમા આ હુકમ વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૮/૨૦૨૨
અમદાવાદ.

(સાહીલભાઈ રજાકભાઈ મુલતાની)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઇ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ
જીજે ૦૧૧૪૩

ડી. કે. ઝાલાવાડીયા– પી.એ./સ્ટેનો.